# ૧.પોતાની વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજોની વિગત

**સંસ્થાનો ઉદ્દેશ / હેતુ :**

કચેરી:-નાયબ પશુપાલન નિયામકશ્રીની કચેરી,જિલ્લા પંચાયત, પંચમહાલ,ગોધરા

કચેરીના વડા:- નાયબ પશુપાલન નિયામકશ્રી(વર્ગ-૧)

સરનામુ:- સિવિલ લાઈન્સ, ગોધરા.

ટેલીફોન નંબર (કચેરી) ૦૨૬૭૨-૨૫૩૩૮૯

**સંસ્થાનો હેતુ**

• પશુધન આરોગ્ય સુધારણા

• પશુઓલાદ સુધારણા

• પશુધન પેદાશની ગુણવતા સુધારણા તથા તેના ઉત્પાદનમાં વધારો

**સંસ્થાનું મિશન દુરંદેશીપણું:-**

• પશુધન પેદાશોના ઉત્પાદનમાં વધારો કરી પશુપાલકોના આર્થિક જીવનધોરણમાં સધ્ધરતા લાવવી.

**સંસ્થાનો ટૂંકો ઈતિહાસ અને તેની રચનાનો સંદર્ભ** :-

• પશુ સ્વાસ્થય સુધારણાના હેતુથી તાલુકા કક્ષાએ પશુદવાખાના તથા ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક પશુસારવાર કેન્દ્રો સ્થાપી પશુપાલકોના પશુઓને નજીકમાં સારવાર ઉપલબ્ધ થાય તેનું આયોજન કર્યુ.

• પશુ ઓલાદ સુધારણાના હેતુથી કૃત્રિમ બીજદાન કેન્દ્રો, કૃત્રિમ બીજદાન પેટા કેન્ફ્રો તથા કી વીલેજ એકમો સ્થાપી પશુપાલકોના પશુઓને નજીકમાં પશુ સંવ્વધન સેવાઓ ઉપલબ્ધ થાય તેનું આયોજના કર્યુ.

• • હાલ જિલ્લામાં ૨૨(બાવીસ) પશુ દવાખાના ૧(એક) ફરતું દવાખાનું,૪(ચાર) એમ્બુલન્સ કમ પશુ દવાખાના,૭(સાત) દસ ગામ દીઠ ૧ પશુ દવાખાના ,૧(એક) શાખા પશુદવાખાના,૨(બે) કુત્રિમ બીજદાન પેટા કેન્દ્રો, ૨૧(એકવીસ) પ્રાથમિક પશુસારવાર કેન્દ્રો તથા ૪(ચાર) કી વીલેજ એકમો કાર્યરત છે.

**સંસ્થાની ફરજો:-**

• પશુધન સ્વાસ્થય સુધારણા તથા પશુ ઓલાદ સુધારણા માટે પશુપાલકોને ઘર બેઠા અથવા શકય એટલા નજીકમાં પશુસારવાર, રસીકરણ, ખસીકરણ, કુત્રિમ બીજદાન તથા અન્ય સંલગ્ન સેવાઓ પુરી પાડવી.

• પશુપાલનના વ્યવસાયને વેગ મળે તે હેતુથી પશુપાલનને લગતી વિવિધ યોજનાઓનો અમલ કરી પશુપાલકોને પશુપાલનના વ્યવસાય માટે પ્રોત્સાહીત કરવા.

• પશુધન પેદાશો દુધ, માસ, ઉન વગેરેની ગુણવત્તા જળવાઈ રહે તથા તેના ઉત્પાદનમાં વધારો થાય તે માટે પશુચિકિત્સા તથા પશુપાલનના અધતન વૈજ્ઞાનિક અભિગમો પશુપાલકોને પહોંચાડી તેનો અમલ કરવા પ્રયત્નો કરવા.

**સંસ્થાની મુખ્ય પ્રવૃતિઓ / કાર્યો:-**

• જિલ્લાની પશુસારવાર સંસ્થાઓ ખાતે પશુસારવાર માટે જરૂરી દવાઓ / સાધન સામગ્રીની વ્યવસ્થા કરવી.

• રોગરક્ષણ માટે રોગપ્રતિકારક રસી મેળવવાની વ્યવસ્થા કરવી તથા તે રસી પશુસારવાર સંસ્થાઓ ખાતે પહોંચાડવી

• પશુપાલન યોજનાની વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવું.
• જિલ્લા કક્ષાએ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, જિલ્લા આયોજન મંડળ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, અને જિલ્લા પંચાયત સ્વભંડોળ માંથી વિવિધ પશુપાલનને લગતી વિવિધ યોજનાઓ માટે નાંણાકીય જોગવાઈ કરી તેનો અમલ કરવો.
• જિલ્લાના અંતરીયાળ વિસ્તારમાં પશુસારવાર કેમ્પોનું આયોજન કરી પશુપાલકોને ઘર બેઠા વિનામુલ્યે પશુસારવાની સેવાઓ ઉપલબ્ધ કરાવવી.
• પશુ સંવધન કાર્યક્રમ હેઠળ જિલ્લાની પશુસારવાર સંસ્થાઓ ખાતે કૃત્રિમ બીજદાનની પ્રવુતિ માટે સીમેન ડોઝીજ, લીકવીડ નાઈટ્રોજન તથા તેના સંલગ્ન સામગ્રી પહોંચાડવાની વ્યવસ્થા કરવી.
• ઘાસચારાના ઉત્પાદનમાં વધારો થાય તથા તેઓ બગાડ અટકે તે માટે સુધારેલ ઘાસચારા બીયારણના મીનીકીટસ આપવાની યોજના, ચાફકટર ખરીદી સહાય યોજના, ગૌચર સુધારણા યોજના વગેરે યોજનાઓનો અમલ કરવો.
• ગ્રામ્ય કક્ષાએ પશુસંવર્ધન શિક્ષણશિબીરનું આયોજન કરી પશુપાલકોને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવા અંગેની સમજ આપવાનું આયોજન કરવું.
• ઉપરોકત તમામ પ્રવૃતિઓનું વ્યવસ્થિત રીતે સંચાલન થાય તે માટે જિલ્લાની તમામ પશુસારવાર સંસ્થાઓના અધિકારી કર્મચારીને તાંત્રિક માર્ગદર્શન આપવુ તથા તેનું સુપરવિઝન કરવું.

**સંસ્થા ધ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને વિવરણઃ-**

• તાલુકા તથા ગ્રામ્ય કક્ષાએ પશુસારવાર સંસ્થાઓ મારફતે નીચે દર્શાવેલ સેવાઓ આપવામાં આવે છે.
• પશુસારવાર
• પશુમાં રસીકરણ
• ખસીકરણ
• કૃત્રિમ બીજદાન
• રોગનિદાન માટે નમુના એકત્રીત કરવા
• પશુપાલનના વ્યવસાયમાં વેગ લાવવા વિવિધ યોજનાઓ અંતર્ગત સહાય આપવી.

**સંસ્થાગત માળખાનો આલેખઃ-**

કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર

૧.પશુપાલન નિયામકશ્રી, ગાંધીનગર

૨. વિભાગીય સંયુકત પશુપાલન નિયામકશ્રી, વડોદરા વિભાગ વડોદરા

૩. નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત, પંચમહાલ ગોધરા

૪. પશુચિકિત્સા અધિકારીશ્રી, પશુ દવાખાના, શાખા પશુ દવાખાના કૃત્રિમ બીજદાન કેન્દ્ર, ફરતુંપશુ દવાખના

૫. પશુધન નિરીક્ષકશ્રી, પ્રાથમિક પશુસારવાર કેન્દ્ર, કી વીલેજ એકમ, કૃત્રિમ બીજદાન પેટા કેન્દ્ર

**સંસ્થાની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી અપેક્ષાઓ.:-**

• પશુસારવાર કેમ્પો, રસીકરણ કેમ્પો, ખસીકરણ કેમ્પો, ડીવર્મીંગ કેમ્પો, તથા અન્ય પશુપાલનના વ્યવસાયને વેગ આપતી પ્રવુતિઓના આયોજનામાં તમામ પશુપાલકો જાગૃત થઈ ભાગ લે તો સંસ્થાનો હેતુ સિધ્ધ થાય.

**લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ:-**

• પશુપાલન વિસ્તરણ ઝુંબેશનું આયોજન

• પશુ સારવાર કેમ્પ, પશુરસીકરણ કેમ્પ, ખસીકરણ કેમ્પ વગેરેના આયોજનના અગાઉના દિવસોમાં પ્રચાર પ્રસાર કરવામાં આવે છે.

• ગ્રામ્ય કક્ષાએ પશુ સંવર્ધન વિવિધ શિબીરોનું આયોજન

**સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારવા માટે ઉપલબ્ધ સંસ્થા:-**

• જિલ્લા પંચાયત પંચમહાલના વહીવટી વડા જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિયત્રંણ હેઠળ જિલ્લામાં આ સાથે સંલગ્ન પત્રક મુજબ તાંત્રિક અધિકારી, કર્મચારીઓનું તંત્ર ઉપલબ્ધ છે.

**મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીઓના સરનામા:-**

• આ સાથે વિગતવાર પત્રક સામેલ છે.

**કચેરીનો સમય:-**

જિલ્લાની કચેરીનો સમય

કચેરી શરુ થવાનો સમય :- સવારે ૧૦-૩૦ કલાકે.

કચરી બંધ થવાનો સમય:- સાંજે ૬-૧૦ કલાકે.

તાલુકા તથા ગ્રામ્ય કક્ષાએ કાર્યરત પશુસારવાર સંસ્થાઓનો સમય

એપ્રિલ થી સપ્ટેમ્બર : સવારે ૭.૦૦ થી ૧૧.૦૦ કલાકે

બપોરે ૪.૦૦ થી ૬.૩૦

ઓકટોબરથી માર્ચ : સવારે૮.૦૦ થી ૧૨.૦૦

બપોરે ૩.૦૦ થી ૫.૩૦

# ૨.અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો.

**હોદ્દો :-નાયબ પશુપાલન નિયામક**

**• નાયબ પશુપાલન નિયામકની સત્તા અને ફરજો**

- પશુ સારવાર સંસ્થાઓ ખાતેની દવાઓ તથા સાધન સામગ્રીનાં માંગણ પત્રક મેળવી નાંણાકીય નિયમોને આધિન દવા - સાધન સામગ્રી ખરીદ કરી પશુ સારવાર સંસ્થાઓ ખાતે પહોંચાડવાની વ્યવસ્થા કરવી.
- ખાતા ધ્વારા નકકી કરેલ તાંત્રિક કામગીરી તથા યોજનાકીય કામગીરીના લક્ષાંકો મુજબ જિલ્લાની પશુ સારવાર સંસ્થાઓ ખાતે ફરજ બજાવતાં પશુ ચિકિત્સા અધિકારીઓ, પશુધન નિરીક્ષકો મારફતે સિધ્ધી મેળવવી.
- જિલ્લાના પશુધનને લક્ષમાં લઈ રોગપ્રતિકારક રસી મેળવવાની તથા તાલુકા કક્ષાએ તેમજ ગ્રામ્ય કક્ષાએ પહોંચાડવાની વ્યવસ્થા કરવી.
- જિલ્લા કક્ષાએ આદિજાતી વિસ્તાર પેટા યોજના, જિલ્લા આયોજન મંડળ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા જિલ્લા પંચાયત સ્વભંડોળમાંથી વિવિધ પશુપાલન યોજનાઓ બનાવી નાંણાકીય જોગવાઈ કરવી, અને ગ્રામ્ય કક્ષાએ આંતરકીય માળખા માટે નાંણાકીય જોગવાઈ કરવી.
- જિલ્લાના અંતરીયાળ વિસ્તારમાં પશુ સારવાર કેમ્પોનું આયોજન કરી પશુપાલકોને ઘેર બેઠા પશુ સારવારની સેવાઓ વિના મુલ્યે ઉપલબ્ધ કરાવવી.
- પશુ સંવર્ધન કાર્યક્રમ હેઠળ જિલ્લાના ફ્રોજન સીમેન સેન્ટરો ખાતે સીમેન ડોઝીઝ, લિકવીડ નાઈટ્રોજન તથા તેને સંલગ્ન સાધન સામગ્રી પહોંચાડવી.
- ઘાસચારાના ઉત્પાદનમાં વધારો થાય તથા તેનો બગાડ અટકે તે માટે સુધારેલ ઘાસચારા - બિયારણના મીનીકીટ્સ આપવાની યોજના, ચાફકટર ખરીદી સહાય યોજના, ગૌચર સુધારણા યોજના વિગેરે યોજનાઓનું અમલીકરણ કરવું.
- ગ્રામ્ય કક્ષાએ પશુપાલન વિસ્તરણ ઝુંબેશ, પશુ સંવર્ધન શિક્ષણ શિબિર, દુધ હરિફાઈ, કાફરેલી વિગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરી પશુપાલકોને અધતન વૈજ્ઞાનિક રીતે પશુપાલનનો વ્યવસાય કરે તેવી માહિતી પહોંચાડવી.
- પશુધન પેદાશો જેવી કે દુધ માંસ વિગેરેની ગુણવત્તા જળવાઈ રહે તથા તેના ઉત્પાદનમાં વધારો થાય તે માટે પશુ ચિકિત્સા તથા પશુપાલનના અધતન વૈજ્ઞાનિક અભિગમો પશુપાલકોને પહોંચાડી તેનો અમલ કરવા પ્રયત્ન કરવા.
- જિલ્લામાં આવેલ પાંજરાપોળ, ગૌશાળા વિગેરે સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં મદદરૂપ થવા અવાર નવાર મુલાકાત લેવી.

- જિલ્લમાં પશુપાલનને લગતી તાંત્રિક અને યોજનાકીય કામગીરી પરિણામ લક્ષી બને તે માટે જિલ્લાની પશુ સારવાર સંસ્થાઓ ખાતે ફરજ બજાવતાં અધિકારી/ કર્મચારીઓને માર્ગદર્શન આપવું તથા સંસ્થાઓની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરવી.

**• મદદનીશ પશુપાલન નિયામકની ફરજો અને જવાબદારીઓ**

- નાયબ પશુપાલન નિયામકશ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ જિલ્લાની વડીકચેરીની વહીવટી નાણાંકીય કામગીરીમાં મદદરૂપ થઈ નિયમોને આધિન કામગીરી બજાવી તથા ક્ષેત્રિય કક્ષાએ થતી તાંત્રિક તથા યોજનાકીય કામગીરી માટે નાયબ પશુપાલક નિયામકશ્રીને મદદરૂપ થવું.

**• પશુ ચિકિત્સા અધિકારીની ફરજો અને જવાબદારીઓ**

(૧)તાબાના વિસ્તારની પશુઓની વસ્તીના આરોગ્ય જાળવણીની જવાબદારી
(૨)ખાનગી ગંભીર કેસોને ધ્યાનમાં લઈ તેને અગત્યતા આપવી.
(૩)ચેપી રોગચાળો ફાટી નીકળે ત્યારે હાજરી આપી તાત્કાલીક ઈલાજો કરવા
(૪)રોગ પ્રતિકારક રસીઓ આપવી અને પશુધન નિરીક્ષકને તેના આયોજન માટે માર્ગદર્શન આપવું.
(૫)ખાતાની વિવિધ યોજનાઓની માહિતી પશુપાલકોને આપવી.
(૬)ખાતાની વિવિધ યોજનાઓના લક્ષ્યાંકો સિધ્ધ કરવા.
(૭)કૃત્રિમ બીજદાનના કાર્યોને વેગ આપવો.
(૮)મથકની આજુબાજુના વિસ્તારમાં પશુધન ઉત્પાદનને લગતી પેદાશોની માહિતી, ઉત્પાદન, વધઘટ અંગે માહિતગાર રહેવુ, અને પશુપાલનને લગતી પ્રવૃત્તિઓની જાણકારી રાખવી.
(૯)મરઘા ઉછેર કેન્દ્ર, ઘેટા ઉછેર કેન્દ્ર તથા અન્ય પ્રવૃત્તિઓનું માર્ગદર્શન આપવું.
(૧૦)ધનિષ્ટ પશુસુધારણા યોજના માટે પશુધન નિરીક્ષકોને પશુ સારવાર, કૃત્રિમ બીજદાન વગેરે પ્રવૃત્તિમાં માર્ગદર્શન આપવું.
(૧૧)પશુ ચિકિત્સા વિજ્ઞાનના અધતન જ્ઞાનથી પરિચિત રહેવું.
(૧૨)પોસ્ટ મોર્ટમ અને તંદુરસ્તી અંગેનું સર્ટીફીકેટ આપવું.
(૧૩)પશુપાલન શાખા જિલ્લા પંચાયતમાંથી આપવામાં આવતી સુચનાઓનો વહીવટી તથા તાંત્રિક દૃષ્ટિએ ચુસ્તપણે અમલ કરવો.

**•પશુધન નિરીક્ષકની સામાન્ય ફરજો**

(૧) માંદા જાનવરને પ્રાથમિક સારવાર આપવી.
(૨) ચેપી રોગચાળા વખતે સ્થળની મુલાકાત લઈ પશુચિકિત્સા અધિકારીને તાત્કાલિક અને સચોટ રીપોર્ટ કરવો.
(૩) રોગ પ્રતિકારક રસી મુકવી.
(૪) તાત્કાલીક સારવારના કેસોમાં પ્રાથમિક સારવાર આપવી.
(૫) કાર્યમથક અને પ્રવાસપર હોય ત્યારે બાંગરા ધણખુંટની ખસી કરવી.

(૬) પશુપાલન તેમજ પશુ આરોગ્યની કામગીરી કરવી.
(૭) પશુ પ્રદર્શન રેલીનું આયોજન કરવુ, પ્રચાર પ્રસાર કરવો.
(૮) પશુધન અને ઘાસચારા વિકાસ પ્રવૃતિ અંગે લક્ષ આપવું.

(૯) પશુ ચિકિત્સા અધિકારીના માર્ગદર્શન હેઠળ કૃત્રિમ બીજદાન કાર્ય સંભાળવું.
(૧૦) પશુપાલનની ખાતાકીય તમામ યોજનાઓનું નિદર્શન તેમજ અમલીકરણ કરવું.
(૧૧) પશુઓના રહેઠાણ અને કોઢ ચેપી રોગથી મુકત રહે તેમજ અન્ય રોગ પ્રતિબંધક ઉપાયો હાથ ધરવા માટે કામગીરી હાથ ધરવી.
(૧૨) નિરીક્ષક અધિકારી આ ઉપરાંત જે ફરજ બજાવવા જણાવે તે કરવી.
(૧૩) સરકારશ્રીમાંથી વખતો વખત જે યોજનાઓ અમલમાં આવે તેનો પ્રચાર પ્રસાર તથા લક્ષ્યાંકો સિધ્ધ કરવા.

**•સી. કલાર્ક મહેકમ દફતરનીકામગીરી અને ફરજો**
(૧) પશુ ચિકિત્સા અધિકારી/ પશુધન નિરીક્ષકશ્રીઓને લગત મહેકમની તમામ કામગીરી
(૨) રજાઓ મંજુર કરવી.
(૩) જી.પી.ફંડની માંગણીનો નિકાલ.
(૪) સેવાપોથીની નિભાવણી
(૫) ઈજાફાની મંજુરીની કામગીરી
(૬) ખાનગી અહેવાલની નિભાવણી.
(૭) બદલી/ બઢતી / હકક રજાની ફાઈલોની નિભાવણી.
(૮) હાજરી પત્રક નિભાવણી.
(૯) વર્ગ - ૪ કચેરીના તેમજ તાલુકાના કર્મચારીઓની ઉપરોકત તપાસની કામગીરી.
(૧૦) તાલીમ તથા સેમીનારમાં મોકલવાની ફાઈલની નિભાવણી.
(૧૧) પગાર ધોરણો તેમજ સુધારેલ પગાર ધોરણોના ફીકસેશન, વેરીફીકેશન વિ.ની કામગીરી.
(૧૨) કોર્ટને લગતી તમામ કામગીરી.

**•સી.એકા. કલાર્ક હિસાબની કામગીરી અને ફરજો**
(૧) હિસાબી બાબતને લગતિ શાખાની તેમજ શાખાના તાબાની સંસ્થાઓની તમામ પ્રકારની કામગીરી.
(૨) પેટી કેશબુક નિભાવણી.
(૩) કાયમી તસલમાતનો હિસાબ રાખવો.
(૪) ગ્રાન્ટ ઉગવવી તેમજ ફાળવણી કરવી.
(૫) પગાર બીલો બનાવવા ચુકવવા, તેમજ તેની કપાતના શેડયુલ વિગેરે તૈયાર કરવા
(૬) એલ.એફ. પેરા/ એ.જી. પેરા/ પી.આર.સી. પેરાની તમામ પ્રકાર વસુલાત તેમજ નિકાલ કરવા સુધીની કામગીરી.

(૭) ખર્ચ પત્રકો તૈયાર કરવા.

(૮) અંદાજ પત્રક તથા યુ.ટી.સી. તૈયાર કરવા.

**•જ઼. કલાર્ક વહીવટ દફતરની કામગીરી અને ફરજો**

(૧) પશુ ચિકિત્સા અધિકારીશ્રી / પશુધન નિરીક્ષકશ્રીઓની રોજનીશી મંજુર કરવાની કામગીરી.

(૨) શાખાના વાહનોની નિભાવણી લૉંગબુકની જાળવણી વાહન રીપેરીંગની કાર્યવાહી તેમજ કાર્યક્ષેત્ર બહારની મંજુરીની ફાઈલ નિભાવણી ડીઝીલ બીલો રીપેરીંગ ખર્ચના બીલો બનાવવા.

(૩) પશુદવાખાનાઓ તેમજ પ્રા.પ.સા.કેન્ફો માટે નાંણાકીય ખર્ચની મંજુરી

(૪) શાખાધ્યક્ષશ્રીઓની મીટીંગ તેમજ અન્ય મીટીંગોની ફાઈલોની નિભાવણી શાખાધ્યક્ષશ્રીના પત્રકો તૈયાર કરવાની કામગીરી.

(૫) કૃત્રિમ બીજદાનનાં સ્ટાફ કર્મચારીઓના મહેકમની કામગીરી સેવાપોથીઓની નિભાવણી.

(૬) વિકાસ કમિશ્નરશ્રીની તપાસણી નોંધના પેરાઓની કામગીરી.

(૭) લાઈટ બીલો, ટેલીફોન બીલો, મિલ્કત વેરો વિગેરેના બીલો બનાવવાની કામગીરી.

(૮) વર્ગ - ૩ ડ્રાઈવર, વર્ગ - ૪ ના કર્મચારીશ્રીઓના ગણવેશ, બુટ ચંપલ સિલાઈ ખર્ચ, છત્રી, ગરમ ગણવેશ વિગેરે પુરા પાડવાની કામગીરી

(૯) કચેરીના ડેડ સ્ટોકની નિભાવણી જાળવણીની કામગીરી.

(૧૦) ઈનવર્ડ આઉટવર્ડ ની કામગીરી.

# ૩.દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ.

| | |
|---|---|
| જુદા જુદા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા માટે કઈ કાર્યપધ્ધતિ અનુસરવામાં આવે છે ?<br>(સચિવાલય નિયમસંગ્રહ અને કામકાજના નિયમોના નિયમ સંગ્રહ,અન્ય નિયમો/વિનિયમો વગેરેનો સંદર્ભ ટાંકી શકાય ) | મુદ્દાનો પ્રકાર અને વિગતને આધારે સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવો અને જોગવાઈઓ,જી.સી.એસ.આર.,જી.એફ.આર,ગુજરાત સેવા (શિસ્ત અને અપીલ)નિયમો ૧૯૭૧ વિગેરેની જોગવાઈઓને અનુસરવામાં આવે છે. |
| અગત્યની બાબતો માટે કોઈ ખાસ નિર્ણય લેવા માટેની દસ્તાવેજી કાર્યપધ્ધતીઓ/ઠરાવેલી કાર્ય પધ્ધતિઓ /નિયત માપદંડો /નિયમો કયા છે?નિર્ણય લેવા માટે ક્યા કયા સ્તરે વિચાર કરવામાં આવે છે? | મુદ્દાનો પ્રકાર અને વિગતને આધારે જરૂરી નોંધ મૂકી જિલ્લા વિકાસ અધિકારીશ્રી ધ્વારા લેવાયેલ અંતિમ નિર્ણય મુજબ નિર્ણય કરવામાં આવે છે. |
| નિર્ણયને જનતા સુધી પહોચાડવાની કઈ વ્યવસ્થા છે? | ટપાલ/ફેક્સ/ફોન ધ્વારા તેમજ જરૂર પડયે સમાચાર પત્ર ધ્વારા જાહેર પ્રસિધ્ધિ કરી લાગતા વળગતા ઓને જાન કરવામાં આવેછે. |
| નિર્ણય લેવાની પ્રક્રિયામાં જેના મંતવ્યો લેવાનાર છે તે અધિકારીઓ કયા છે? | શાખાને લગતા નિર્ણયો માટે નાયબ પશુપાલન નિયામકશ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના મંતવ્યો લેવામાં આવે છે. જરૂરિયાત પ્રમાણે વિભાગ તેમજ પશુપાલન નિયામકશ્રીના નિર્ણયો લેવામાં આવે છે. |
| નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી કોણ છે? | નિર્ણય લેવાની અંતિમ સત્તા મુદ્દા આધારિત હોઈ મુદ્દાના પ્રકાર પ્રમાણે યોગ્ય સત્તાધિકારી ધ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવે છે. |
| જે અગત્યની બાબતો પર જાહેર સત્તાધિકારી ધ્વારા નિર્ણય લેવામાં આવે છે તેની માહિતી અલગ રીતે નીચેના નામુનામાં આપવી. | નિર્ણયો લેવા અંગેના મુદ્દાઓ ફાઈલના સ્વરૂપમાં તેમજ દફતર વર્ગીકરણ રજીસ્ટર મુજબના નંબર આપવામાં આવે છે. |
| જેના પર નિર્ણય લેવાનાર છે તે વિષય | જેના પર નિર્ણય લેવાના થાય છેતેમાન વહીવટી,નાણાંકીય અને તાંત્રિક વિગેરે વિષયોનો સમાવેશ થાય છે. |
| માર્ગદર્શક સૂચના/દિશા નિર્દેશ જો કોઈ હોય તો | સરકારશ્રી,પશુપાલન ખાતું તેમજ જીલ્લા પંચાયતે નક્કી કરેલ માર્ગદર્શક સૂચના/દિશા નિર્દેશ દયાને રાખી જે તે વિષયો અંગે નિર્ણય લેવામાં આવે છે. |
| અમલ પ્રક્રિયા | પશુપાલન શાખા તેમજ તેની ક્ષેત્રીય સંસ્થાઓ ધ્વારા અમલની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. |
| નિર્ણય લેવાની કાર્યવાહીમાં સંકળાયેલ અધિકારી ઓનો હોદ્દો | સામાન્યરીતે વિષયણા પ્રકાર પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ નાયબ પશુપાલન નિયામકશ્રી ધ્વારા |

# ૪.પોતાના કાર્યો બજાવવા માટે નક્કી કરેલ ધોરણો.

મુખ્યમંત્રી નિ:શુલ્કપશુ સારવાર યોજના વર્ષ-૨૦૧૮-૧૯ અંતર્ગત જિલ્લામાં આવેલ પશુ સારવાર સંસ્થાઓ ખાતે આપવામાં આવતી જુદીજુદી સેવાઓ માટે વસુલ કરવામાં આવતી ફીનું ધોરણ નીચે મુજબ છે (સરકારશ્રીના ઠરાવ ક્રૂમાંક વીએચડી-૧૨૨૦૧૩- ૩૬૭૧-૫-૧ તા. ૨૯/૯/૨૦૧૪)

| અ.નં. | પશુ સેવા- પશુ પેદાશ | સંલગ્ન બાબત | વસુલ કરવાના દર |
|---|---|---|---|
| ૧ | કૃત્રિમ બીજદાન ફી | | રૂ. ૧૦-૦૦ |

પશુ સારવાર સંસ્થાના મુખ્યમથકની અંદર તથા બહારના વિસ્તારમાં પશુ સરવાર માટે પશુ ચિકિત્સા અધિકારી તથા પશુધન નિરીક્ષક ધ્વારા ખાનગી સેવાની ફી પશુપાલકો પાસેથી વસુલ કરવામાં આવે છે, સરકારશ્રીના ઠરાવ ક્રમાંક એ.એચ.એસ./૧૧૨૦૧૧/૮૫૨/૫-૨ તા. ૨૨/૬/૨૦૧૫

| અ.નં. | વિગત | ફી વસુલ કરવાના દર<br>પ.ચિ.અ. પ.ધ.નિ. |
|---|---|---|
| ૧ | મુખ્ય મથકની હદની અંદરની દાકતરી કેસ અથવા ભારે ઓપરેશન વાળા ન હોય તેવા સર્જીકલ કેસ અંગે સારવાર | ૩૫ ૨૫ |
| ૨ | મુખ્ય મથકની બહારની દાકતરી કેસ અથવા ભારે ઓપરેશન વાળા ન હોય તેવા સર્જીકલ કેસ અંગે સારવાર રાત્રે બોલાવવામાં આવે તો વીઝીટ ફી ઉપરાંત વધારાના | ૫૦ (+૨૫) ૩૦ (+૧૫) |
| ૩ | ભારે ઓપરેશન વાળા સર્જીકલ કેસ અંગે સારવાર | ૪૦ - |
| ૪ | ડીસ્ટોકીયાના કેસ અંગે સારવાર (કષ્ટ ભરી પ્રસુતિ) વીઝીટ ફી ઉપરાંત વધારાના | ૫૦ - |
| ૫ | પશુ અને ઘોડાની તંદુરસ્તી બદલ લેખિત પ્રમાણપત્ર પશુ ઘોડા | ૪૦ -<br>૩૦ - |
| ૬ | પશુ અને ઘોડાની તંદુરસ્તી બદલ મૌખિક અભિપ્રાય પશુ ઘોડા | ૨૦ -<br>૨૦ - |
| ૭ | પ્રમાણપત્રવાળી પરંતુ રાસાયણીક પૃથ્થકરણ કર્યા વગર કરવામાં આવતી શબ પરીક્ષણ (પોસ્ટ મોર્ટમ) પશુ ઘોડા | ૬૦ -<br>૩૦ - |

**પરિશિષ્ટ માં દર્શાવેલ દર ઉપરાંત બિમાર પશુ ના માલીક નીચેનું ખર્ચ પણ ભોગવશે**

(૧) પશુમાલીકે વાહન વ્યવસ્થા કરવાની રહેશે, પરંતુ પશુ ચિકિત્સા અધિકારી અથવા પશુધન નિરીક્ષકના અંગત વાહનનો ઉપયોગ જાનવરના માલિકના કહેવાથી કરવાનો થાય તો સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ કી.મી. દીઠ રૂ. ૧.૫૦ માઈલેજ ભથ્થું પશુ માલીકે આપવાનું રહેશે.

(૨) પશુ સારવાર સંસ્થા ઉપર કે બહારની ખાનગી વીઝીટ દરમ્યાન પશુ ચિકિત્સા અધિકારી અથવા પશુધન નિરીક્ષક ધ્વારા પશુ સારવારમાં ઉપયોગમાં લેવાયેલ પોતાની દવા અને સાધન સામગ્રી કિંમત પુરેપુરી વસુલાતને પાત્ર છે.

(૩) વીઝીટ દરમ્યાન પશુ સારવારમાં ઉપયોગમાં લેવાયેલ પશુ દવાખાનની સરકારી દવાની અને સર્જીકલ સામગ્રીની પડતર કિંમત વસુલ કરીને સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૪) પશુ સારવાર માટે જરૂરી દવા સાધન સામગ્રી દાકતર લખી આપે તો પશુ માલીકે લાવવાની રહેશે.

# ૫.કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા નિયંત્રણ હેઠળના કે કર્મચારીઓ દ્વારા અનુસવારમાં આવતા નિયમો,વિનિયમો,સૂચનાઓ,નિયતસંગ્રહ અને તે સંબંધી રેકર્ડ.

જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો,વિનિયમો સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરોની યાદી નીચેના મુજબ આપો. આ નમુનો દરેક પ્રકારના દસ્તાવેજ માટે ભરવાનો છે.

| | |
|---|---|
| દસ્તાવેજનું નામ/મથાળું | દસ્તાવેજનો પ્રકાર<br>નીચે આપેલ પ્રકારોમાંથી એક પસંદ કરો<br>(નિયમો, વિનિયમો,સૂચનાઓ નિયમ સંગ્રહ,દફતરો અન્ય) |
| દસ્તાવેજ પરનું ટુકું લખાણ | નિયમો, વિનિયમો,સૂચનાઓ નિયમ સંગ્રહ,દફતરો ઉપર દર્શાવેલ હોય છે. આ ઉપરાંત રેકર્ડ વર્ગીકરણમાં નોંધાયેલ તમામ રજીસ્ટરો અને ફાઈલો ઉપરના ટુકા લખાણનો સમાવેશ થાય છે. |
| વ્યક્તિને નિયમો, વિનિયમો,સૂચનાઓ નિયમ સંગ્રહ,દફતરોની નકલો અહીંથી મળશે. | સરનામું : નાયબ પશુપાલન નિયામકશ્રીની કચેરી,<br>ટેલીફોન નંબર : ૨૫૩૩૮૯<br>ફેક્સ :૨૫૩૩૮૯<br>ઈ મેઈલ : ..dydir.ah.pms@gmail.com |

વિભાગ દ્વારા નિયમો ,વિનિયમો ,સૂચનાઓ,નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો ) માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત વિભાગ દ્વારા નિયમો ,વિનિયમો ,સૂચનાઓ,નિયમસંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફીનું જે ધોરણ નક્કી કરવામાં આવશે તે ધોરણે ફી લેવામાં આવશે.

# ૬. પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોની કક્ષા અને વર્ગીકરણનું પત્રક.

| અ.નં. | દસ્તાવેજની કક્ષા | દસ્તાવેજ નું નામ અને તેની એક લીટીમાં ઓળખાણ | દસ્તવેજ મેળવાની કાર્યપધ્ધતિ | નીચેની વ્યક્તિ પાસે છે/તેના નિયંત્રણમાં છે. |
|---|---|---|---|---|
| ૧ | શાખાને લગતા વહીવટી દસ્તાવેજો | વહીવટની લગતી જે કાંઈ બાબતની ફાઈલો | અધિનિયમની જોગવાઈઓ મુજબ | (૧) સીનીયર ક્લાર્ક<br>(૨) જુનીયર ક્લાર્ક |
| ૨ | સેવાપોથીઓ | સેવાપોથીઓ | --!!-- | (૧) સીનીયર ક્લાર્ક |
| ૩ | શાખાને લગતા નાણાંકીય દસ્તાવેજો | (૧) પગાર બીલો<br>(૨) કન્ટીજન્સી બીલો<br>(૩) ચેક રજીસ્ટર<br>(૪) કેશબુક<br>(૫) યુ.ડી.આર.<br>(૬) ગ્રાન્ટ રજીસ્ટર વિગેરે<br>(૭) યોજનાકીય મંજુરીઓની લગતી ફાઈલ | --!!-- | (૧) સીનીયર ક્લાર્ક |
| ૪ | શાખાને લગતી તાંત્રિક બાબતોને લગતા દસ્તાવેજો | (૧) યોજનાકીય કામગીરીના રજીસ્ટર અને ફાઈલો<br>(૨)માસિક/વાર્ષિક વહીવટી અહેવાલોની ફાઈલો | --!!-- | (૧)જુનીયર ક્લાર્ક |

## ૭.વિભાગ કે સત્તામંડળે અનુસવારની નીતિ અથવા તેના અમલીકરણ સબંધમાં નાગરિકો સાથે વિચાર વિનિયમ માટે અથવા તેમના દ્વારા રજૂઆત માટેની વિદ્યમાન ગોઠવણની વિગતો.

| અ.નં | વિષય /મુદ્દો | શું જનતાની સહભાગીતા સુનિશ્ચત કરવાનું જરૂરી છે?(હા/ના) | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| પશુપાલનશાખાને નીતિઓના ધડતરની સત્તા નથી.સરકારશ્રી દ્વારા,પશુપાલન નિયામકશ્રી દ્વારા તેમજ જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા નક્કી થયેલ નીતિઓ મુજબ કામગીરી કરવાની રહે છે. | | | |

## ૮. તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ,કાઉન્સિલ ,સમિતિ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવા પાત્ર છે કે કેમ.

| | |
|---|---|
| માન્યતા પ્રાપ્ત સંસ્થાનું નામઅને સરનામુ. | જિલ્લા ખેત ઉત્પાદન સહકાર અને નાની સિંચાઈ સમિતિ, જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા. |
| માન્યતા પ્રાપ્ત સંસ્થાનો પ્રકાર. | સમિતિ. |
| માન્યતા પ્રાપ્ત સંસ્થાનો ટૂંકો પરિચય. | ૨૯/૧૨/૨૦૦૦ના રોજ જિલ્લા પંચાયતની સામાન્ય સભા ધ્વારા નિયુકિત કરવામાં આવેલ છે. |
| માન્યતા પ્રાપ્ત સંસ્થાની ભૂમિકા. | કાર્યકારી. |
| માળખું અને સભ્ય બંધારણ. | ૧ અધ્યક્ષશ્રી<br>૪ સભ્યો. |
| સંસ્થાના વડા | અધ્યક્ષશ્રી |
| મૂખ્ય કચેરી અને તેની શાખાઓના સરનામા. | અધ્યક્ષશ્રી નાની સિંચાઈ બાંધકામ સમિતિ જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા. |
| બેઠકોની સંખ્યા. | દર ત્રણ માસે. |
| શું જનતા બેઠકોમાં ભાગ લઈ શકે છે ? | ના. |
| શું બેઠકોની કાર્યનોંધ તૈયાર કરવામાં આવે છે ? | હા. |
| બેઠકોની કાર્યનોંધ જનતાને ઉપલબ્ધ છે? જો તેમ હોય તો તે મેળવવા માટેની પધ્ધતિ ની માહિતી. | હા.નિયત નકલ ફી ભર્યેથી પ્રાપ્ત થાય. |

# ૯.તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી

| અ.નં. | અધિકારી/ કર્મચારીનું નામ | હોદ્દો | રહેઠાણનુ,સરનામુ |
|---|---|---|---|
| ૧ | ડૉ.એસ.એન.ઠાકોર | નાયબ પશુપાલન નિયામક | સાવલીવાડ,નવરચના શાળા ની પાછળ,ગોધરા |
| ૨ | ડૉ.એ.એમ.ગીતેલી | મદદનીશ પશુપાલન નિયામક | સલામત સોસાયટી લીલેશરા રોડ ગાન્ધ્રા ગોધરા |
| ૩ | ડૉ.એસ.એચ.બામણીયા. | પશુ ચિકિત્સા અધિકારી ફુ.બી.કે | સુર્યનગર સોસાયટી,૧૬,સૂર્ય નગર સોસાયટી,એસ.ટી. નગર પાસે,ગોધરા |
| ૪ | શ્રી એમ.એસ.પટેલ | પશુધન નિરિક્ષક | એ/૬, વસંત વિહાર સોસાયટી ગોધરા |
| ૫ | શ્રીમતી પ્રિતી એમ.પુરોહિત | સીનીયર કલાર્ક | ગાયત્રી નગર સોસાયટી,ગોધરા |
| ૬ | કુ.મિનલ જે.ધાનકા | જુ. કલાર્ક | વાવડી બુજર્ગ,ગોધરા |
| ૭ | શ્રી ડી.પી. પટેલીયા | એટેન્ડન્ટ | મુ.પો. વેગનપુર તા. ગોધરા જી.પંચમહાલ |
| ૮ | શ્રી વિ.એસ. બારીયા | પટાવાળા | મુ.પો. દુણીયા તા.હાલોલ જી.પંચમહાલ |

## ૧૦. તેના વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પદ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક મળતરની વિગતો.

| અ.નં. | અધિકારી/ કર્મચારીનું નામ | હોદ્દો | માસિક વેતન |
|---|---|---|---|
| ૧ | ડૉ.એસ.એન.ઠાકોર | નાયબ પશુપાલન નિયામક | ૧૪૯૯૭૫ |
| ૨ | ડૉ.એ.એમ.ગીતેલી | મદદનીશ પશુપાલન નિયામક | ૧૪૪૦૭૭ |
| ૩ | ડૉ.એસ.એચ.બામણીયા. | પશુ ચિકિત્સા અધિકારી ફ઼ુ.બી.કે | ૯૫૬૪૯ |
| ૪ | શ્રી એમ.એસ.પટેલ | પશુધન નિરિક્ષક | ૫૧૬૩૩ |
| ૫ | શ્રીમતી પ્રિતી એમ.પુરોહિત | સીનીયર કલાર્ક | ૫૨૫૨૮ |
| ૬ | કુ.મિનલ જે.ધાનકા | જુ. કલાર્ક | ૧૯૯૫૦ |
| ૭ | શ્રી ડી.પી. પટેલીયા | એટેન્ડન્ટ | ૩૩૬૨૭ |
| ૮ | શ્રી વિ.એસ. બારીયા | પટાવાળા | ૧૬૨૨૪ |

# ૧૧.તમામ યોજનાઓ,સૂચિત ખર્ચ અને કરેલી વહેચણી પરના અહેવાલોની વિગતો દર્શાવતી તથા તે દરેક એજન્સીને ફાળવેલા નાણાંકીય સંસાધનોની વિગતો.

---

(૧) યોજના નું નામ:- પશુપાલન ખાતા હસ્તક ની શિબિર ની યોજનાઓ (સને ૨૦૧૭-૧૮)

| અ.નં. | તાલુકો | યોજનાની વિગત | | | |
|---|---|---|---|---|---|
| | | તાલુકા પશુપાલન શિબીર કમ પ્રદર્શન | | જિલ્લા પશુપાલન શિબીર કમ પ્રદર્શન | |
| | | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક |
| ૧ | ગોધરા | ૧.૦ | ૧ | ૧.૫ | ૧ |
| ૨ | મોરવા(હ) | ૧.૦ | ૧ | | |
| ૩ | શહેરા | ૧.૦ | ૧ | | |
| ૪ | કાલોલ | ૧.૦ | ૧ | | |
| ૫ | હાલોલ | ૧.૦ | ૧ | ૧.૫૦ | ૧ |
| ૬ | જાંબુઘોડા | ૧.૦ | ૧ | | |
| ૭ | ઘોઘંબા | ૧.૦ | ૧ | | |
| | કુલ | ૭.૦ | ૭ | ૩.૦ | ૨ |

(૨) યોજના નું નામ:- ન્યુ ગુજરાત પેટર્ન આદિજાતિ વિસ્તાર પેટા યોજના ગોધરા(સને ૨૦૧૭-૧૮)

| અ.નં. | તાલુકો | યોજનાની વિગત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કેટલશેડ બાંધકામ સહાય | | | | પશુ સારવાર કેમ્પ (મીની) | | પશુપાલન શિક્ષણ શિબીર | |
| | | ખર્ચ(લાખમાં) | લક્ષ્યાંક(૯૬%) | ખર્ચ(લાખમાં) | લક્ષ્યાંક(૪%) | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક |
| ૧ | ગોધરા | ૦.૫૪ | ૫ | ૦.૫૪ | ૪ | - | - | - | - |
| ૨ | મોરવા(હ) | ૩.૭૮ | ૨૧ | ૦ | ૦ | - | - | - | - |
| ૩ | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ | - | - | - | - |
| ૪ | કાલોલ | ૦.૧૮ | ૧ | ૦ | ૦ | - | - | - | - |
| ૫ | હાલોલ (૨૪૦૪) | ૦.૯૦ | ૫ | ૦ | ૦ | - | - | - | - |
| ૬ | જાંબુઘોડા | ૧.૪૪ | ૮ | ૦ | ૦ | - | - | - | - |
| ૭ | ઘોઘંબા | ૧.૯૮ | ૧૧ | ૦ | ૦ | - | - | ૦.૨૫ | ૧૦ |
| | કુલ | ૮.૮૨ | ૫૧ | ૦.૫૪ | ૪ | - | - | ૦.૨૫ | ૧૦ |

(3) યોજના નું નામ :- પશુપાલન ખાતા હસ્તકની આદિજાતિ (ST) માટેની સહાયકારી યોજના(સને ૨૦૧૭-૧૮)

| અ.નં. | તાલુકો | યોજનાની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | બકરા એકમ સ્થાપના (૧૦+૧) | | ઘાસચારાના બિયારણ મીનીકીટ્સ વિતરણ | | પાવરડ્રીવન ચાફકટરખરીદી સહાય | |
| | | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક |
| ૧ | ગોધરા | ૨.૪૦ | ૮ | સદર યોજનાનો ખર્ચ રાજ્યકક્ષા એ થાય છે | ૨૧ | 0.૧૫ | ૧ |
| ૨ | મોરવા(હ) | 0.30 | ૧ | | ૨૬ | | |
| 3 | શહેરા | ૯.30 | 3૧ | | ૧૭ | | |
| ૪ | કાલોલ | 0.30 | ૧ | | ૧૧ | | |
| ૫ | હાલોલ | 0.30 | ૧ | | ૨3 | | |
| ૬ | જાંબુઘોડા | 0.30 | ૧ | | ૧૪ | | |
| ૭ | ઘોઘંબા | ૫.૧0 | ૧૭ | | ૭0 | | |
| | કુલ | ૧૮.00 | ૬0 | | ૧૮૨ | 0.૧૫ | ૧ |

(૪) યોજના નું નામ:-  પશુપાલન ખાતા હસ્તકની અનુસૂચિત જાતિ (SC) માટેની સહાયકારી યોજના (સને ૨૦૧૭-૧૮)

| અ.નં. | તાલુકો | યોજનાની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | હેલ્થપેકેજ સહાય યોજના | | બકરા એકમ સ્થાપના (૧૦+૧) | | પાવન ડ્રીવન ચાફકટર ખરીદી સહાય | |
| | | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક |
| ૧ | ગોધરા | સદર | ૩૦ | - | - | ૦.૬૦ | ૪ |
| ૨ | મોરવા(હ) | યોજનાનો | ૧૦ | - | - | ૦.૧૫ | ૧ |
| ૩ | શહેરા | ખર્ચ | ૨૫ | - | - | - | - |
| ૪ | કાલોલ | રાજ્યકક્ષા | ૩૦ | ૦.૩૦ | ૧ | ૦.૧૫ | ૧ |
| ૫ | હાલોલ | એ | ૧૦ | - | - | ૦.૧૫ | ૧ |
| ૬ | જાંબુઘોડા | થાય છે | ૫ | - | - | - | - |
| ૭ | ઘોઘંબા | | ૧૦ | - | - | - | - |
| | કુલ | | ૧૨૦ | ૦.૩૦ | ૧ | ૧.૦૫ | ૭ |

(૫) યોજના નું નામ:- પશુપાલન ખાતા હસ્તકની જનરલ જાતિ માટેની સહાયકારી યોજના (સને ૨૦૧૭-૧૮)

| અ.નં. | તાલુકો | યોજનાની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ઘાસચારાના બિયારણ મીનીકીટ્સ | | પાવન ડ્રીવન ચાફકટર ખરીદી સહાય | | કેટલશેડ બાંધકામ સહાય | |
| | | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક |
| ૧ | ગોધરા | સદર યોજનાનો ખર્ચ રાજ્યકક્ષા એ થાય છે | ૧૮ | ૦.૬૦ | ૪ | - | - |
| ૨ | મોરવા(હ) | | ૧૨ | - | - | - | - |
| ૩ | શહેરા | | ૨૩ | - | - | - | - |
| ૪ | કાલોલ | | ૨૫ | ૧.૦૫ | ૭ | - | - |
| ૫ | હાલોલ | | ૧૫ | ૦.૭૫ | ૫ | - | - |
| ૬ | જાંબુઘોડા | | ૭ | - | - | - | - |
| ૭ | ઘોઘંબા | | ૭ | ૦.૧૫ | ૩ | - | - |
| | કુલ | | ૧૦૭ | ૨.૮૫ | ૧૯ | - | - |

(૬) યોજના નું નામ:-  પશુપાલન ખાતા હસ્તકની પ્રોત્સાહન સહાયકારી યોજના (સને ૨૦૧૭-૧૮)

| અ.નં. | તાલુકો | યોજનાની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પશુપાલનખાતા ની દુધ હરિફાઈ યોજના | | નાબાર્ડ મોડલ મુજબ પશુધન એકમ સ્થાપનામાટેનીવ્યાજસહાયયોજના | | માનવ સંચાલિત ચાફ કટર ખરીદી સહાય યોજના | |
| | | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) |
| ૧ | ગોધરા | 3 | 0.03 | - | - | - | - |
| ૨ | મોરવા(હ) | ૨ | 0.0૨ | ૧ | 0.૧૭૧ | - | - |
| 3 | શહેરા | ૨ | 0.0૬ | - | - | - | - |
| ૪ | કાલોલ | 3 | 0.03 | - | - | - | - |
| ૫ | હાલોલ | ૨ | 0.0૨ | - | - | - | - |
| ૬ | જાંબુઘોડા | ૧ | 0.0૧ | - | - | - | - |
| ૭ | ઘોઘંબા | ૧ | 0.0૧ | - | - | - | - |
| | કુલ | ૧૪ | 0.૧૮ | ૧ | 0.૧૭૧ | - | - |

(૭) યોજના નું નામ:- પશુપાલન ખાતા હસ્તકની ડેરી વિકાસની સહાયકારી યોજના (સને ૨૦૧૭-૧૮)

| અ.નં. | તાલુકો | યોજનાની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સહકારી દૂધ મંડળીઓને ઓટોમેટીક મિલ્ક કલેક્શન સિસ્ટમ ખરીદી સહાય યોજના | | સહકારી દૂધ મંડળીઓને બલ્ક મિલ્ક કુલર ખરીદી સહાય યોજના | | સહકારી દૂધ મંડળીઓને દૂધઘર બાંધકામ સહાય યોજના | |
| | | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) |
| ૧ | ગોધરા | ૫ | ૪.૦૦ | ૧ | ૫.૯૩ | - | - |
| ૨ | મોરવા(હ) | ૦ | ૦ | - | - | - | - |
| ૩ | શહેરા | ૧૪ | ૧.૧૨ | ૪ | ૩૦.૬૮ | - | - |
| ૪ | કાલોલ | ૧ | ૦.૮૦ | ૧ | ૭.૪૦ | - | - |
| ૫ | હાલોલ | ૩ | ૨.૪૦ | ૧ | ૭.૪૦ | - | - |
| ૬ | જાંબુઘોડા | ૨ | ૧.૬૦ | - | - | - | - |
| ૭ | ઘોઘંબા | ૫ | ૪.૦૦ | ૨ | ૧૧.૯૨ | ૧ | ૫.૦૦ |
| | કુલ | ૩૦ | ૨૪.૦૦ | ૯ | ૬૩.૩૩ | ૧ | ૫.૦૦ |

(૮) યોજના નું નામ:- પશુપાલન ખાતા હસ્તકની ડેરી વિકાસની સહાયકારી યોજના (સને ૨૦૧૭-૧૮)

| અ.નં. | તાલુકો | યોજનાની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સહકારી દૂધ મંડળીઓને ગોડાઉન બાંધકામ સહાય યોજના | | મહિલા સભાસદોને મિલકિંગ મશીન ખરીદી સહાય યોજના | | મહિલા સભાસદોને વિધુત સંચાલિત ચાફ કટર ખરીદી સહાય યોજના | |
| | | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) |
| ૧ | ગોધરા | ૧ | ૫.૦૦ | ૩ | .૦.૯૩૩ | - | - |
| ૨ | મોરવા(હ) | ૧ | ૫.૦૦ | - | - | - | - |
| ૩ | શહેરા | ૧ | ૫.૦૦ | ૧ | ૦.૩૦૩ | - | - |
| ૪ | કાલોલ | - | - | ૧૧ | ૩.૩૩૮ | - | - |
| ૫ | હાલોલ | - | - | ૧ | ૦.૩૦૩ | - | - |
| ૬ | જાંબુઘોડા | - | - | - | - | - | - |
| ૭ | ઘોઘંબા | ૧ | ૫.૦૦ | ૪ | ૧.૧૯૨ | - | - |
| | કુલ | ૪ | ૨૦.૦૦ | ૨૦ | ૬.૦૬૯ | - | - |

(૯) યોજના નું નામ:- આદિજાતિ વિસ્તાર પેટા યોજના ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ની યોજના (સને ૨૦૧૭-૧૮)

| અ.નં. | તાલુકો | યોજનાની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | બકરા એકમ સ્થાપના (૧૦+૧) | | | | | |
| | | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) | લક્ષ્યાંક | ખર્ચ (લાખમાં) |
| ૧ | ગોધરા | ૬ | ૧.૮૦ | | | | |
| ૨ | મોરવા(હ) | - | - | | | | |
| 3 | શહેરા | - | - | | | | |
| ૪ | કાલોલ | ૨ | 0.૬0 | | | | |
| ૫ | હાલોલ | ૫ | ૧.૫0 | | | | |
| ૬ | જાંબુઘોડા | ૧ | 0.30 | | | | |
| ૭ | ઘોઘંબા | ૧0 | 3.00 | | | | |
| | કુલ | ૨૪ | ૭.૨૦ | | | | |

# ૧૨.ફાળવેલી રકમો અને તેવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોની અમલબજવણી રીત.

આઈ ખેડૂત પોર્ટલ ઉપર કરવામાં આવેલ અરજીઓ મંજૂર થતાં તાલુકા મુજબ જે તાલુકામાં મંજુર થયેલ સંખ્યા મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે આર્થિક સહાય કાર્યક્રમોની અમલબજવણી રીત નીચે મુજબ છે.

વર્ષ ૨૦૧૮-૧૯

| યોજનાનુ નામ | સૂચિત ખર્ચ (લાખમાં) | સહાય ની વિગત | અરજી કેવી રીતે કરવી |
|---|---|---|---|
| અનુસુચિત જનજાતિની મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) માટે સહાય | ૧૮.૦૦ | ANH-12 (વિધવા/ત્યક્તા/અપંગ મહિલાઓ માટે) | લાભાર્થીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે તાલુકા પશુચિકિત્સા અધિકારીશ્રી ને આપવાની રહેશે. |
| | | રૂા. ૬૦,૦૦૦/- યુનિટ કિંમતના ૫૦% અથવા મહત્તમ રૂા. ૩૦,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે | |
| | | ANH-12 (વિધવા/ત્યક્તા/અપંગ સિવાયની મહિલાઓ માટે) | |
| | | રૂા. ૬૦,૦૦૦/- યુનિટ કિંમતના ૫૦% અથવા મહત્તમ રૂા. ૩૦,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે | |
| અનુસુચિત જાતિના લાભાર્થી માટે બકરાં એકમ (૧૦+૧ ) માટે સહાય | ૦.૬૦ | રૂા. ૬૦,૦૦૦/- યુનિટ કિંમતના ૫૦% અથવા મહત્તમ રૂા. ૩૦,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે | લાભાર્થીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે તાલુકા પશુચિકિત્સા અધિકારીશ્રી ને આપવાની રહેશે. |
| એક થીવીસ દુધાળા પશુ એકમની સ્થાપના માટે રાજ્યના પશુપાલકોને ૧૨ % વ્યાજ સહાય | ૧૬.૦૦ | નાબાર્ડ દ્વારા નકકી થયેલ પશુ એકમની કિંમત અથવા બેંક પશુ ખરીદી કરવા એકમદીઠ કરેલ ધિરાણ બંનેમાથી જે ઓછું હોય તેના ઉપર બેંકે ખરેખર ગણેલ વ્યાજ અથવા વધુમાં વધુ ૧૨% સુધી વ્યાજ સહાય સદર યોજના હેઠળ મળવાપાત્ર થશે. | આ યોજનાનો લાભ તમામ પશુપાલકો ને મળવા પાત્ર છે. લાભાર્થીને રાષ્ટ્રિયકૃત બેંક અથવા ભારતીય રીઝર્વ બેંક ધ્વારા માન્ય નાણાંકીય સંસ્થા મારફતે એકમ સ્થાપવા માટે લોન આપવામાં આવેલ હોય તો જ સહાયને પાત્ર રહેશે. લાભાર્થીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે.અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે તાલુકા પશુચિકિત્સા અધિકારીશ્રી ને આપવાની |

| | | | |
|---|---|---|---|
| | | | રહેશે. |
| કૃત્રિમબિજદાનથી જન્મેલ વાછરડીઓની પ્રોત્સાહન યોજના | ૩.૦૦ | રાજ્યના પશુપાલકોને તેમની પોતાની દેશી (ગાય)માં કૃત્રિમ બીજદાન દ્વારા શુદ્ધ દેશી ઓલાદની વાછરડીનાં જન્મ થયેથી રૂ.૩૦૦૦/- રોકડ સહાય સ્વરૂપે. પશુપાલક દીઠ વધુમાં વધુ પાંચ વાછરડીઓ માટે સહાય મળવાપાત્ર રહેશે. | લાભાર્થીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે તાલુકા પશુચિકિત્સા અધિકારીશ્રી ને આપવાની રહેશે. |
| ગ્રામ્યદુધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે ગોડાઊન બનાવવા માટે સહાય | ૨૦.૦૦ | આ યોજના મહિલા/સામાન્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે છે જેમાં ગોડાઊન સ્થાપના પર એકમ કિંમત રૂ ૧૦,૦૦,૦૦૦/- સુધી કે ખરેખર સ્થાપના માટે થયેલ ખર્ચ પૈકી જે ઓછું હોય તેના ૫૦% ની મર્યાદામાં સહાય વધુમાં વધુ રૂ ૫,૦૦,૦૦૦/- | મંડળીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ગોધરા ને આપવાની રહેશે. |
| જનરલકેટેગરી લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) માટે સહાય | ૪.૫૦ | રૂા. ૬૦,૦૦૦/- યુનિટ કિંમતના ૫૦% અથવા મહત્તમ રૂા. ૩૦,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે | લાભાર્થીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે તાલુકા પશુચિકિત્સા અધિકારીશ્રી ને આપવાની રહેશે. |
| ૧૨ દુધાળા પશુ એકમની સ્થાપના માટે વ્યાજ સહાય તથા કેટલશેડ બાંધકામ ,પશુવિમાં સહાય માટે રાજ્યના પશુપાલકોને સહાય | ૨૦૦ (ભૌતિક લક્ષ્યાંક) | ૧૨ દુધાળા પશુની ખરીદી કરવા ઈચ્છતા પશુપાલકને બેંક લોન પર પાંચ વર્ષ માટે વ્યાજ સહાય તથા કેટલશેડ બાંધકામ ,પશુવિમાં સહાય | લાભાર્થીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે તાલુકા પશુચિકિત્સા અધિકારીશ્રી ને આપવાની રહેશે. |
| ગ્રામ્યદુધ ઉત્પાદક મંડળી માટે AMCS સહાય | ૧૦.૪૦ | સરકારશ્રી દ્વારા એમપેનલમેંટ થયેલ એજન્સી પાસેથી ખરીદેલ કિમતના ૮૦ ટકા વધુમાં વધુ રૂા. ૮૦,૦૦૦/- | મંડળીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ગોધરા ને આપવાની રહેશે. |
| ગ્રામ્યદુધ ઉત્પાદક મંડળી માટે BMC સહાય | ૩૫.૦૦ | સરકારશ્રી દ્વારા એમપેનલમેંટ થયેલ એજન્સી પાસેથી ખરીદવાનું રહેશે,સરકારે નક્કી કરેલ એકમ કિમત કે ખરેખર ખરીદ કિમત પૈકી જે ઓછું હોય તેના ૮૦ ટકા | મંડળીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ગોધરા ને આપવાની રહેશે. |
| ગ્રામ્યદુધ ઉત્પાદક મંડળી માટે દુધ ભેળસેળ ચકાસણી માટેના મશીનની (MADM) સ્થાપના માટે સહાય | ૪.૦૦ | સરકારશ્રી દ્વારા એમપેનલમેંટ થયેલ એજન્સી પાસેથી ખરીદેલ કિમતના ૭૫ ટકા | મંડળીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ગોધરા ને આપવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| ગ્રામ્યદુધ ઉત્પાદક મંડળી માટે દૂધઘર સહાય | ૨૦.૦૦ | આ યોજના મહિલા/સામાન્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે છે જેમાં દૂધઘર  સ્થાપના પર એકમ કિંમત રૂ ૧૦,૦૦,૦૦૦/- સુધી કે ખરેખર સ્થાપના માટે થયેલ ખર્ચ પૈકી જે ઓછું હોય તેના ૫૦% ની મર્યાદામાં સહાય વધુમાં વધુ રૂ ૫,૦૦,૦૦૦/- | મંડળીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ગોધરા ને આપવાની રહેશે. |
| મિલ્કીંગમશીન ખરીદી પર સહાય | ૨૪.૩૦ | સરકારશ્રી દ્વારા એમપેનલમેંટ થયેલ એજન્સી પાસેથી ખરીદેલ કિમતના ૭૫ ટકા વધુમાં વધુ રૂા. ૩૩,૫૦૦/- | લાભાર્થીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે તાલુકા પશુચિકિત્સા અધિકારીશ્રી ને આપવાની રહેશે. |
| વિધુતસંચાલિત ચાફકટર | ૮.૨૫ | સરકારશ્રી દ્વારા એમપેનલમેંટ થયેલ એજન્સી પાસેથી ખરીદેલ કિમતના ૭૫ ટકા વધુમાં વધુ રૂા. ૧૫,૦૦૦/- | લાભાર્થીએ ikhedut પોર્ટલ પર અરજી કરવાની રહેશે. અરજીની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે તાલુકા પશુચિકિત્સા અધિકારીશ્રી ને આપવાની રહેશે. |

# ૧૩.છુટછાટો,પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારની વિગતો.

મુખ્યમંત્રી નિ:શુલ્કપશુ સારવાર યોજના વર્ષ-૨૦૧૮-૧૯ અંતર્ગત જિલ્લામાં આવેલ પશુ સારવાર સંસ્થાઓ ખાતે આપવામાં આવતી જુદીજુદી સેવાઓ માટે વસુલ કરવામાં આવતી ફીનું ધોરણ નીચે મુજબ છે (સરકારશ્રીના ઠરાવ ક્રમાંક વીએચડી-૧૨૨૦૧૩- ૩૬૭૧-૫-૧ તા. ૨૯/૯/૨૦૧૪)

| અ.નં. | પશુ સેવા- પશુ પેદાશ | સંલગ્ન બાબત | વસુલ કરવાના દર |
|---|---|---|---|
| ૧ | પશુ સારવાર **(સંસ્થા ખાતે)** | પશુદીઠ (ગાય, ભેંસ, બળદ, ઘોડા, ગધેડા, પાડાં, વાછરડા) પાલતું પશુઓ (કુતરા, બિલાડી) | **નિ:શુલ્ક** |
| ૨ | હડકવા વિ. રસી (પોસ્ટ બાઈટ) | | **નિ:શુલ્ક** |

# ૧૪. ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં ઉપલબ્ધ અથવા ધરાવેલ માહિતીને લગતી વિગતો.

વિગતો કોમ્પ્યુટરાઈઝ કરી સી.ડી. તૈયાર કરવામાં આવે છે.

## ૧૫.જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય તેવા ગ્રંથાલય અથવા તેવા વાંચનાલયના કામકાજના કલાકો સહિતની માહિતી તથા તે મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો.

**લોકોને માહિતી મળે તે માટે વિભાગે અપનાવેલ સાધનો, પધ્ધતિઓ અથવા સવલતો જેવી કે :-**

(1) કચેરી ગ્રંથાલય કચેરી ઉપયોગ અર્થે છે.

(2) નાટક અને શો.

(3) વર્તમાન પતો.

(4) પ્રદર્શનો ગ્રામ્ય કક્ષાએ શિબીરો દરમ્યાન વિવિધ માહિતી સભર પ્રદર્શનો ગોઠવવામાં આવે છે.

(5) નોટીસ બોર્ડ જાહેરાત તથા સૂચનાઓ માટે કચેરીના નોટીસ બોર્ડનો ઉપયોગ કરવામાં આવે છે.

(6) કચેરીમાં રેકર્ડનું નિરીક્ષણ - જરૂરત પડયે નિરીક્ષણ અધિકારીશ્રીની મંજુરીથી થઈ શકશે

(7) દસ્તાવેજોની નકલો મેળવવાની સરકારશ્રીના નિયમોનુસાર. પધ્ધતિ.

(8) પશુપાલકો જયારે કચેરી ખાતે તથા પશુસારવાર સંસ્થાઓ ખાતે પશુ સંલગ્ન સેવાઓ લેવા માટે આવે છે ત્યારે તેઓ માટે બેસવાની વ્યવસ્થા છે. તથા પાણીની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ છે

# ૧૬.જાહેર માહિતી અધિકારીઓના નામો,હોદાઓ અને બીજી વિગતો.

| અ.નં. | જાહેર માહિતી અધિકારીનું નામ | હોદ્દો અને સરનામું | ફોન નંબર (કચેરી) | ફેકસ નંબર | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ર્ડા. એસ.એન.ઠાકોર | નાયબ પશુપાલન નિયામકશ્રી | ૦૨૬૭૨-૨૫૩૩૮૯ | ૦૨૬૭૨-૨૫૩૩૮૯ | ૯૯૭૯૯૮૯૨૫૦ |
| ૨ | ડો.નરેન્દ્રગીર મનહરગીર ગોસાઇ | પશુચિકિત્સા અધિકારી પ.દ.ગોધરા તા. ગોધરા | ૦૨૬૭૨-૨૪૬૪૮૦ | | ૯૯૭૬૮૫૭૧૮૫ |
| ૩ | ડો.જયેશકુમાર મણિલાલ પટેલ | પશુચિકિત્સા અધિકારી પ.દ.શહેરા તા.શહેરા | ૦૨૬૭૦-૨૨૬૨૭૦ | | ૯૪૨૬૧૭૯૨૯૩ |
| ૪ | ડો. વિમલભાઇખોડાભાઇ પરમાર | પશુચિકિત્સા અધિકારી પ.દ.કાલોલ તા.કાલોલ | ૦૨૬૭૬-૨૩૫૮૩૨ | | ૯૪૨૭૩૯૯૭૩૫ |
| ૫ | ડો. વરૂણકુમારશંકરલાલ પટેલ | પશુચિકિત્સા અધિકારી પ.દ.જાંબુઘોડા | ૦૨૬૭૬-૨૪૧૨૪૯ | | ૯૫૩૭૭૧૫૮૧૬ |
| ૬ | ડો.એ.બી.કાનાણી | પશુચિકિત્સા અધિકારી પ.દ.હાલોલ | ૦૨૬૭૬-૨૨૧૭૨૨ | | ૯૭૨૬૪૮૮૧૪૧ |
| ૭ | ડો.નયન્દ્ર એ.પટેલ | પશુચિકિત્સા અધિકારી પ.દ.ઘોઘંબા તા.ઘોઘંબા | ૦૨૬૭૮-૨૪૪૬૫૯ | | ૯૪૨૬૩૬૨૮૬૨ |
| ૮ | ડો. જે.વી.પટેલ | પશુચિકિત્સા અધિકારી પ.દ.મોરવા હડફ | ૦૨૬૭૨-૨૮૪૭૩૩ | | ૯૯૨૫૪૫૪૩૭૩ |

## ૧૭. ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી.